**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : વિરલ રાણા**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 06-08-2024 સમય : સવારે 6.50 વાગ્યે**

---

## <u>રાષ્ટ્રપતિ-પ્રાકૃતિક ખેતી</u>

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'પ્રાકૃતિક કૃષિ સખી' બનાવવાની ગુજરાતની પહેલને અન્ય રાજ્યો પણ અપનાવે તેવું સૂચન કર્યું છે.

નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલા રાજ્યપાલોના સંમેલન પહેલા રાજ્યપાલોની અનૌપચારિક બેઠક યોજાઈ હતી. અહીં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, રાજ્યમાં ગ્રામીણ મહિલાઓને પ્રાકૃતિક ખેતીની પાંચ દિવસની તાલીમ આપવામાં આવી હતી. ગુજરાતના આ મહાઅભિયાનની પ્રશંસા કરતા રાષ્ટ્રપતિશ્રીએ 'પ્રાકૃતિક કૃષિ સખી' બનાવવાની ગુજરાતની પહેલને અન્ય રાજ્યો પણ અપનાવે એવું સૂચન કર્યું હતું.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતી માટે નિરંતર કામ કરી રહ્યા છે. અન્ય રાજ્યના રાજ્યપાલ પણ રાજભવનો

દ્વારા પ્રાકૃતિક ખેતીના શ્રેષ્ઠ ઉદાહરણો પ્રસ્તુત કરીને જનજાગૃતિ લાવી શકે છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## સીએમ વન મહોત્સવ

8મી ઓગસ્ટે રાજ્યકક્ષાનો “75મો વન મહોત્સવ” દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામ ખાતે યોજાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી 23મા સાંસ્કૃતિક “હરસિદ્ધિ વન”નું પણ લોકાર્પણ કરશે. આ રીતે જિલ્લાને "હરસિદ્ધિ વન”ની અનોખી ભેટ મળવા જઈ રહી હોવાનુંવન વિભાગે જણાવ્યું છે.

હરસિદ્ધિ વનમાં મુખ્યદ્વાર, પ્રવેશ પરિસર, હરસિદ્ધિ માતાજી સાંસ્કૃતિક વાટિ, સેરેમોનિયલ ગાર્ડન, શ્રીકૃષ્ણ ઉપવન, શ્રીકૃષ્ણ કમળવાટિકા વગેરે જેવા સાંસ્કૃતિક આકર્ષણો નિમાર્ણ કરાશે. જ્યારે આ વનમાં બાળવાટીકા, સેલ્ફી પૉઇન્ટ ગાર્ડન, બીચ થીમ સિટીંગ એરિયા, મેડિટેશન ગઝેબો, ગઝેબો, સનસેટ પૉઇન્ટ વગેરે પણ તૈયાર કરાયા છે.

રાજ્યમાં આ વર્ષેવન મહોત્સવ ઉજવણી દરમિયાન રાજ્યમાં 10 કરોડ 50 લાખ રોપાઓના વિતરણનું આયોજન છે. રાજ્યમાં એગ્રોફોરેસ્ટ્રી -રાજ્ય આધારીત યોજના હેઠળ ખેડૂતો 31 હજાર હેકટર વાવેતર કરશે..

RNU અમદાવાદ

----------------------------------------------------------------

## સીએમ 'એક પેડ મા કે નામ' અભિયાન

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત રાજ્યભરની 53 હજાર 65 આંગણવાડીઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. આ અભિયાનમાં સમગ્ર રાજ્યની આંગણવાડીઓમાં કુલ 3.15 લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં સેક્ટર-3A આંગણવાડીના બાળકો સાથે વૃક્ષ વાવીને આ અભિયાનનો પ્રારંભ કર્યો હતો. શ્રી પટેલે બાળકોને ફળ-છોડનાં રોપાઓનું વિતરણ કર્યું હતું અને ટેક હોમ રાશનમાંથી બનાવેલી વાનગીઓનું પ્રદર્શન નિહાળ્યું.

શ્રી પટેલે આ અભિયાન હેઠળ ગુજરાતમાં વન વિભાગ તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા સપ્ટેમ્બર-2024 સુધીમાં 12.20 કરોડ અને માર્ચ-2025 સુધીમાં 17 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

RNU અમદાવાદ

----------------------------------------------------------------

## વરસાદ

રાજ્યના હવામાન વિભાગે બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની

આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યના માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપી છે. રાજ્યના 144 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો. વલસાડનાં કપરાડામાં સવા ઇંચ, આણઁદમાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો.

દરમિયાન જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે ગઇકાલે રાપરમાં ઝરમરને બાદ કરતા જિલ્લામાં અન્યત્ર વરાપનો માહોલ જોવા મળ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં ચાર દિવસ માટે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

**RNU અમદાવાદ/ N.P.** વિરલ રાણા

---

## ચાંદીપુરા : કચ્છ

કચ્છમાં ચાંદીપુરા વાયરસને લઇને ગાંધીધામના 8 માસના બાળકનું સારવાર દરમિયાન ગત રાત્રે મૃત્યુ નિપજ્યું હતું. જિલ્લામાં અગાઉ ચાંદીપુરા વાયરસને કારણે બે બાળકના મૃત્યુ થયા હતા. આ સાથે જિલ્લામાં મૃત્યુ આંક 3 થયો છે.

**N.P.** વિરલ રાણા

---

## આદિજાતિ વિકાસમંત્રી

રાજ્યમાં 14 લાખથી વધુ આદિવાસી વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાના લાભ આપવામાં આવ્યા છે.

રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી કુબેર ડિંડોરે જણાવ્યું કે, રાજ્યમાં આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ સુધીની શૈક્ષણિક યોજનાઓના લાભ ઉપલબ્ધ છે. 12 લાખ 84 હજાર 404 વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ અને 2 લાખ 49 હજાર 518 વિદ્યાર્થીને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ  યોજનાના લાભ અપાયા છે.

આદિજાતિ વિસ્તારોમાં જ્ઞાનકૂંજ પ્રૉજેક્ટ અને સ્માર્ટ ઇન્ટરેક્ટિવ બૉર્ડ યોજના હેઠળ 7 હજાર  408 સરકારી પ્રાથમિક શાળામાં 28 હજાર 12 સ્માર્ટ વર્ગખંડ નિર્માણ પામ્યા છે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------

## શ્રાવણમાસ સોમનાથ મંદિર

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. શ્રાવણ મહિનાના પ્રથમ દિવસે આજે સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં વહેલી સવારથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવ્યા હતા. મંદિરના પરિસરમાં પાલખીયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. શ્રાવણ માસના પ્રથમ સોમવારની સંધ્યાએ સોમનાથ મહાદેવને વિશેષ બિલ્વપત્ર શ્રૃંગાર કરાયો હતો.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------